ફોજદારી કેસ નં. ૭૩૭૧/૨૦૨૧

**<u>આંક ૧ લગત હુકમ</u>**

આ કામે આરોપી વિરૂધ્ધ પ્રોહી. એકટ કલમ ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના ગુન્હાનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આરોપી હાજર થતા સદરહુ ગુનો કબુલ કરી ગરીબ તથા કુંટુબ ધરાવતા હોવાનુ જણાવે છે.આરોપી સદરહુ ગુનો કબુલ કરતા હોય આરોપીની કબુલાત સ્વેચ્છિક જણાઇ આવે છે. કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે, ગુનેગારને ડામવાનો નથી. નામદાર ગુજરાત હાઇકોર્ટે નટવરજી કરમચંદજી ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદામાં ઠરાવેલ છે કે, જો સંજોગો હોય તો માન્ય સજાના ધોરણ કરતા પણ મામુલી સજા કરવા કોર્ટ સક્ષમ છે. આમ આરોપીને સુધરવાની તક મળે તથા સજા અંગેની જોગવાઇ અંગેના નામદાર ગુજરાત હાઇકોર્ટનો નટવરજી કરમચંદજી ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાતોને ધ્યાનમાં લઇ તથા આરોપીની રજુઆત તથા કેસના સંજોગો લક્ષે લેતા તથા ગુનાનો પ્રકાર અને સ્વરૂપ લક્ષે લેતા આ કામે દંડ કરવો ન્યાયોચીત જણાતુ હોય તથા આરોપીએ ગુનાની સ્વૈરછીક કબુલાત કરેલ હોય તેઓને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ.**

આ કામના આરોપી શંભુભાઇ સાંગાજી વણઝારાને ભારતીય ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૨૪૮ અન્વયે પ્રોહી. એકટ કલમ પ્રોહી. એકટ કલમ ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવીને રૂા.૨૦૦/- (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ અને જો દંડ ન ભરે તો દિન. ૦૫ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરુ છુ.

ઉપરોકત હુકમ આજ તા. ૧૧ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ સ્પેશીયલ સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ (ભદ્રેશ હસમુખલાલ ગાંધી)

તા.૧૧/૦૨/૨૦૨૩ બીજા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ(રૂરલ)

જજ કોર્ડ નં. જીજે૦૦૯૫૭